# ચૌદમી ગુજરાત વિધાનસભા
# દિવસના કામકાજની યાદી

**આઠમું સત્ર**

## બુધવાર, તા. ૩૧મી માર્ચ, ૨૦૨૧

## પહેલી બેઠક

## સવારના ૧૦-૦૦ થી બપોરના ૨-૩૦ વાગ્યા સુધી

**સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૨૧નું ગુજરાત વિનિયોગ વિધેયક.

.......દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**..... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૨) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક.

.......દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**..... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૩) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૨૧નું ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક.

.......દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**..... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૪) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૨૧નું ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયક.

.......દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**..... માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા**

(૫) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૨૧નું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક.

.......દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**..... માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

(૬) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૨૧નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

.......દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**..... માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

...૨...

(૭) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૨૧નું ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક.

.......દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

***..... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ***

(૮) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૨૧નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક.

.......દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

***..... માનનીય રાજયકક્ષાના પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર***

## બીજી બેઠક

## બપોરના ૩–૩૦ થી સાંજના ૮–૦૦ વાગ્યા સુધી

**૧. પ્રશ્નોત્તરી**

**તારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ, ઉદ્યોગ, ગૃહ, શહેરી વિકાસ, બંદરો, ખાણ–ખનિજ, માહિતી પ્રસારણ, પેટ્રોકેમિકલ્સ, કલાયમેટ ચેન્જ, આયોજન, સાયન્સ એન્ડ ટેકનોલોજી, જળસંપત્તિ, તમામ નીતિઓ અને કોઈ મંત્રીશ્રીઓને ન ફાળવેલ હોય તેવી તમામ બાબતો

(૨) માનનીય પોલીસ હાઉસીંગ, બોર્ડર સિક્યુરિટી, સીવીલ ડીફેન્સ, ગ્રામ રક્ષક દળ, જેલ, નશાબંધી આબકારી, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતી પ્રભાગ, પ્રોટોકોલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સભ્યશ્રી કીરીટકુમાર પટેલ માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોરશે:–

તાજેતરમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં મેડિકલના પ્રથમ વર્ષની પરીક્ષામાં નાપાસ થયેલ છાત્રોને રિએસેસમેન્ટમાં ઉત્તરવહીઓ બદલી પાસ કરવામાં આવેલ હોવાથી મહેનતુ વિદ્યાર્થીઓમાં રોષ ફેલાયેલ છે તેમજ ભવિષ્યમાં આવા નબળા વિદ્યાર્થીઓ દ્વારા પૂરી પાડવામાં આવનાર દાકતરી સેવા સામે લોકોમાં પણ નારાજગી પ્રવર્તી રહી છે, ત્યારે આ યુનિવર્સિટીમાં ઉત્તરવહીઓ બદલી નાપાસ વિદ્યાર્થીઓને પાસ કરાવનાર જવાબદારો સામે અને મહેનતુ વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તે માટે સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.

## ૩. વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો

(૧) ગુજરાત રાજ્ય કાપડ નિગમ લિમિટેડ તથા તેની ત્રણ સબસીડીયરી કંપનીઓ (૧) ગુજરાત ટેક્ષફેબ પ્રા. લી. (૨) ગુજરાત ફાઇનટેક્ષ પ્રા. લી. અને (૩) ગુજરાત સીલ્ટેક્ષ પ્રા. લી.ના અનુક્રમે સન ૨૦૧૨–૧૩ થી ૨૦૧૮–૧૯ તથા સન ૨૦૧૨–૧૩ થી તા.૧૨–૧૨–૨૦૧૮ સુધીના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૨) ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના સન ૨૦૦૮–૦૯ થી ૨૦૧૬–૧૭ના વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.....માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર**

(૩) જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૬–૧૭નો ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર**

(૪) ગુજરાત રાજ્ય ત્રીજા નાણા પંચનો અહેવાલ તથા પૂરક અહેવાલ અને તેમાં કરાયેલ ભલામણો પરત્વે રાજ્ય સરકારે લીધેલ/લેવા ધારેલ નિર્ણય/પગલાંઓ અંગેનો અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય રાજ્યકક્ષાના પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર**

(૫) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૨૦–૨૧ના સુધારેલા અંદાજો અને સન ૨૦૨૧–૨૨ ના અંદાજો

**......માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી આર. સી. ફળદુ**

(૬) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના તા.૧૦/૦૩/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક:–જીએચયુ–૨૦૨૧–(૨૧)–જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટ–૨)

**......માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

## ૪. સભાગૃહની પ્રથમ બેઠકમાં વિચારણા માટે બાકી રહેલ તમામ સરકારી વિધેયકો

**વિધાનસભાગૃહ,** **ડી. એમ. પટેલ**
**ગાંધીનગર.** **સચિવ,**
**તા. ૩૦મી માર્ચ, ૨૦૨૧** **ગુજરાત વિધાનસભા.**